



## માણસા ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીનું રિહર્સલ યોજાયું

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૨મા સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી સવારના ૯.૦૦ કલાકે શ્રી એસ.ડી.આર્ટસ એન્ડ બી.આર.કોમર્સ કોલેજ કંમ્પાઉન્ડ, માણસા ખાતે થનાર છે. સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાના હસ્તે ધ્વજવંદન કરાશે. જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણીનું નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાની ઉપસ્થિતિમાં આજે તા. ૧૩મી ઓગષ્ટ, ૨૦૧૮ ના રોજ માણસા ખાતે ગ્રાન્ડ રિહર્સલ યોજવામાં આવ્યું હતું. નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ. જાડેજાએ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે યોજાનાર પરેડ તથા વિવિધ શાળાઓના યોજાનાર દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમનું નિરીક્ષણ કર્યું હતું. મહાનુભાવોની બેઠક વ્યવસ્થા, જાહેર જનતા માટે કરવામાં આવેલ બેઠક વ્યવસ્થા જેવી અનેક બાબતોનું ખૂબ જ બારીકાઈથી નિરીક્ષણ કરીને જરૂરી સૂચના આપી હતી. જિલ્લાની વિવિધ શાળાઓના બાળકોએ સુંદર સાંસ્કૃતિક- રાષ્ટ્રભક્તિ સભર કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે કલોલ પ્રાંત અધિકારી શ્રી હર્ષ યાદવ, નાયબ કલેકટર સર્વ શ્રી એ.આર.ઝાલા, દર્શનાબેન રાંક, જિજ્ઞાસાબેન વેગડા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડ, માણસા મામલતદાર શ્રી પરમાર સહિત સંબંધિત અધિકારીઓ અને શાળા- કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.




ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત માં પાલઈ વિઘ્નેશ્વરી ધામ અને આનંદીમાના વડલે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સવા લાખ રૂદ્રાક્ષનું શિવલીંગ તથા અમરનાથ દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. દ્વાદશ જયોતિર્લીંગ સાથે અમરનાથની ગુફા નિહાળવા મોટી સંખ્યામાં ભાવિક શ્રધ્ધાળુ ઉમટી રહ્યા છે. વળી, અહીં પવિત્ર શ્રાવણ માસના દર સોમવારે રાત્રે ૮ કલાકે ૧૦૮ દિવડાંની ભવ્ય મહાઆરતી સાથે ભસ્મ આરતી અને વ્યસનમુકિત કુંભ વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# દહેગામના ધારીસણામાંથી ૧૦ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૧૦ શકુનીઓને ગાંધીનગર ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધા છે. પોલીસે શકુનીઓ પાસેથી રોકડ રૂ. ૧,૦૬,૫૧૦ તથા મોબાઈલ નંગ-૮ કિં.રૂ. ૩૦,૫૦૦ તેમજ જુગાર રમવા માટે ગંજીપાના સહિત કુલ રૂ. ૧,૩૭,૦૧૦નો મુદામાલ કબ્જે કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શ્રાવણ માસનો પ્રારંભ થતા જ શકુનીઓ સક્રિય થઈ ગયા છે. ત્યારે પોલીસ પણ શકુનીઓ ઝડપી પાડવા કડક હાથે કામ લઈ રહી છે. ગાંધીનગર શહેર-જિલ્લામાં પોલીસની બાજ નજર છે. ત્યારે ગતરોજ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ધારીસણા ગામની સીમમાં કાનસિંહ બદસિંહ ઝાલાના ખેતરમાં આવેલ મકાનની પાછળ ખુલ્લી જગ્યામાં જાહેરમાં કેટલાક ઈસમો તીન પતીનો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમી મળતા એલસીબી પીએસઆઈ એમ.જે. શિંદે, અ.હે. કો. જયવિરસિંહ તેમજ સંજયસિંહની સહિતના સભ્યોની ટીમે બાતમીવાળી જગ્યાવાળી ટીમે રેઈડ કરતા




નટવરસિંહ, મનુજી બેચરજી, રણજીતસિંહ સરદારસિંહ, સંદિપકુમાર મહેન્દ્રભાઈ, અનુપસિંહ બળવંતસિંહ, દિગ્વિજયસિંહ, જીગ્નેશકુમાર રામબીરસીંગ વિજય બહાદુરસિંગ તોમર ઉ.વ.૬૨ રહે. તિરૂપતિ એસ્ટેટ સામે, બ્લોડ નં. ૭ રૂમ નં-૧૫૫ સરસપુર અમદાવાદ, અનિલભાઈ છગનભાઈ રાવળ ઉ.વ.૪૨ રહે. દહેગામ, ટાવરની પાછળ, જુના બજાર, જિ.ગાંધીનગર, વિષ્ણુભાઈ વસંતભાઈ રબારી ઉ.વ.૩૬ રહે. રબારીવાસ, દહેગામ જિ.ગાંધીનગર, નિશાંત શંભુભાઈ પટેલ, ઉ.વ.-૩૯ રહે. ગલુદણ તા.જી.ગાંધીનગર, શૈલેન્દ્રસિંહ રૂગનાથસિંહ રાઠોડ ઉંવ.૩૮ રહે.૫૩ પુરૂષોતમ ધામ સોસાયટી દહેગામ જી.ગાંધીનગર, ભરત જયંતિ બ્રહ્મભટ્ટ ઉવ.૫૮ રહે. ક્યુ-૨૦૨ જીવન પ્રાણ રેસીડન્સી, સેલબી હોસ્પિટલ પાસે હરીદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદ, દક્ષેશ હરી પટેલ ઉવ.૩૪ રહે.૪૮ સુરધારા સોસાયટી નિકોલ બાપુનગર અમદાવાદ, અલ્કેશ જયંતિ પંચાલ ઉવ. ૪૩ રહે. કલ્પના નગર-૨ મ.નં.૧૪ દહેગામ, સંજય કાંતિ પરમાર ઉવ.૪૯ રહે કેપી હાઈટ્સ ડી-૩૦૨ વિરાટનગર બાપુનગર, કાનસિંહ બદસિંહ ઝાલા ઉવ.૬૫ ધારીસણા સીમ કણજીવાળા ખેતરમાં તા. દહેગામવાળાઓને તીનપતીનો પૈસાની હારજીતનો જુગાર રમતા પકડી પાડ્યા છે અને શકુનીઓ પાસેથી રોકડ, મોબાઈલ, ગંજીપાના સહિત કુલ રૂ. ૧,૩૭,૦૧૦નો મુદામાલ કબ્જે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દબાણ હટાવવાની કામગીરીમાં તંત્ર ભેદભાવ રાખી રહ્યાનો આક્ષેપ કરતા અંકિત બારોટ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં દબાણ હટાવવાની કામગીરીમાં ભેદભાવભરી નીતિ તંત્ર અખત્યાર કરી રહ્યાનો ગંભીર આક્ષેપ કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે કર્યો છે.

તેમણે ઘર સામેની ખુલ્લી જગ્યામાં ફેન્સીંગ કરી અને દબાણ ઉભુ કરનારાઓ સામે તંત્ર આંખ મિચામણા કરી રહ્યાનું જણાવ્યુ છે. દબાણના નામે ગરીબોને ડરાવવામાં આવી રહ્યાનું કહેતાં તેમણે સૌની સામે એક સરખા પગલાં લેવામાં આવે તેવી માંગ કરી છે.

મ્યુનિ. કમિશ્નરને પાઠવેલા એક પત્રમાં બારોટે જણાવ્યું છે કે ગાંધીનગર શહેરની રચનામાં આજુબાજુ વસતા નાના ખેડૂતો અને વેપારીઓનો મહત્વનો ફાળો રહેલો છે, આજે ગાંધીનગરમાં જેઓનો શહેરના વિકાસમાં મહત્વનો ફાળો રહેલો છે એવા નાના વેપારીઓ, શ્રમજીવીઓ અને મધ્યમ વર્ગના વસ્તીઓમાં ભયનું વાતાવરણ ઉભું થઈ રહ્યું છે. દબાણના નામે લોકોને બીવડાવવામાં આવી રહ્યા છે, એમાં પણ નાના ગરીબ માણસોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે જેનો હુ સખત વિરોધ કરૂ છુ.

ગાંધીનગરના પોશ વિસ્તારો સે. ૧, સે. ૨, સે. ૮, સે. ૨૨ જેવા વિસ્તારોમાં વગદાર માણસો રહે છે, ત્યાં પણ તેઓના ઘરની સામેની ખુલ્લી જગ્યામાં ફેન્સીંગ કરીને બગીચાઓ તથા પોતાની ગાડીઓ પાર્કિંગ કરવા માટે શેડવાળો પાર્કિંગ બનાવીને દબાણ કરેલુ છે, પરંતુ મહાનગરપાલિકા અને તંત્ર દ્વારા માત્ર અને માત્ર રોજ કમાઈને પરાણે ખાવા વાળા નાના શ્રમજીવીઓ, લારી ગલ્લાવાળાઓને જ હેરાન કરવામાં આવે છે. ગરીબ માણસોને હેરાન કરી મોટા વગદાર અને માલેતુજારોને રાજકીય ઈશારે બક્ષવામાં આવે છે. આના માટે જવાબદાર કોણ છે, તેના ઉપર પગલા ભરવામાં આવે તેવી રજુઆત કરૂ છુ.




સમગ્ર ગુજરાતમાં ભ્રષ્ટાચાર અને કૌભાંડોથી ખદબદતી ભારતીય જનતા પાર્ટી સરકારનું સૌથી મોટુ મગફળી તપાસ કરવાને બદલે સરકાર કૌભાંડીયોને છાવરી રહી છે એવો આક્ષેપ કરતા ગાંધીનગર જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી તેમજ ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ દ્વારા આજે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન યોજી ધરણા યોજવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં શહેર જિલ્લાના કાર્યકરો જોડાયા હતા.



ગાંધીનગર જિલ્લામાં મહિલા સશકિતકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પોલીસ દ્વારા આજરોજ સવારે ૧૦.૩૦ કલાકે મહિલા કાનૂની જાગૃતિ સેમીનાર મેડીકલ કોલેજના ઓડીટોરીયમ ખાતે યોજાયો હતો. જેમાં મેડીકલ, નર્સિંગ તેમજ ડેન્ટલ કોલેજની ૬૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર એસ.કે.લાંગા, ડીડીઓ હિતેશ કોયા, અને એસપી મયુર ચાવડા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## શહેર પેન્શનર્સ સમાજની મૌન રેલીને તાલુકા નિવૃત કર્મચારી મંડળનો ટેકો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર તાલુકા નિવૃત કર્મચારી મંડળ દ્વારા ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની ૩૦ ઓગસ્ટની મૌન રેલીને મંડળ દ્વારા ટેકો જાહેર કરવામાં આવેલ છે. તેમજ તાલુકાના પેન્શનરોને રેલીમાં જોડાવા માટે પ્રમુખ મેલાભાઈ અને મંત્રી ગુણવતભાઈ પટેલે પેન્શનરોને અપીલ કરી છે.

## શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની બેઠક ૧૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામની ૨૬મી વાર્ષિક જનરલ સભા તા. ૧૯મી એપ્રિલના રોજ સવારે સાડા નવ કલાકે ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ-સમાજ હોલ, દહેગામ ખાતે યોજાનાર છે. જેમાં પરિવાર કલ્યાણ મંચના ૬૭ લાભાર્થીઓને સહાયનો ચાલુ વર્ષનો પ્રથમ હપ્તો ચુકવવામાં આવશે. સર્વ સભાસદ જ્ઞાતિબંધુઓને પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ એસ. પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

## ભૂતપૂર્વ લોકસભાના અધ્યક્ષ સોમનાથ ચેટર્જીના દુઃખ નિધન અંગે શોક વ્યક્ત કરતા રાજ્યપાલ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યપાલે શોક સંદેશમાં જણાવ્યું છે કે વરિષ્ઠ રાજનીતિજ્ઞ અને વિદ્વાન પાર્લામેન્ટેરીયનની ખ્યાતિ ધરાવતા સોમનાથ ચેટર્જીના નિધનથી સાર્વજનિક જીવનમાં ન પૂરાય એવી ખોટ પડી છે. સ્વ. સોમનાથ ચેટર્જી મૂલ્ય આધારિત રાજનીતિને વરેલા હતા. તેઓએ ૧૦ વખત સંસદ સભ્ય તરીકે રહી જનહિતના કાર્યોમાં સક્રિય યોગદાન આપ્યું હતું જે હંમેશા યાદ રહેશે.

ઈશ્વર દિવંગતના આત્માને શાશ્વત શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ દુઃખ સન કરવાની શક્તિ આપે, તેવી રાજ્યપાલે પ્રાર્થના કરી છે.



## પાનસરમાંથી ૩ જુગારી ઝડપાયા

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા પાનસર ગામેથી ભરતભાઈ ભલાભાઈ રાવળના મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ ઈસમોને કલોલ તાલુકા પોલીસે ઝડપી પાડીને રૂ. ૧૨,૮૫૦ નો મુદામાલ કબ્જે કરી કલોલ તાલુકા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. કલોલ તાલુકા પોલીસના કર્મચારીઓ ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અ.પો.કો. બાબરભાઈ કોડાભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે પાનસર ગામના ભરત ભલા રાવળના મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીપાનાનો જુગાર રમી રહ્યા છે જેથી પંચો સાથે રેઈડ કરતા ભરત ભલાભાઈ રાવળ ઉવ.૪૬ રહે.પાનસર ગામ પરામાં તા. કલોલ, રાકેશ ચીનુ દેસાઈ ઉવ.૪૯ એફ-૨૦૪ કૌતિલ્ય ફેલટ ડી કેબીન સાબરમતિ , મુશીઅહમદ મકબુલ મનસુરી રહે સાલડી ગોસ્વામી વાસ તા.જી મહેસાણાને પકડી પાડી જુગાર રમવાના સાહિત્ય સાથે કુલ રૂ. ૧૨,૮૫૦ નો મુદામાલ કબ્જે કર્યો છે જયારે ભરતજી નારણજી ઠાકોર રહે.આદરજ રેઈડ દરમિયાન ભાગી ગયો છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સેક્ટર-૧૨ ખાતે આવેલ નર્સિંગ કોલેજ ખાતે આંતરરાષ્ટ્રિય યુવા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સેક્ટર-૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં તા. ૧૨મી ઓગષ્ટે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં વક્તૃત્વ સ્પર્ધામાં 'યુવાનો માટે સ્થળ સલામતી' વિષયે સ્પર્ધા યોજાઈ હતી. આ વક્તૃત્વ સ્પર્ધામાં નર્સિંગ કોલેજના એમએસસીના દ્વિતિય વર્ષના પ્રો. કલપવાણી અને પ્રો. ભાવિષા પટેલે નિર્ણાયક તરીકે સેવાઓ પુરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીનીઓ રોષની ચૌહાણ, મુક્તાસીંઘ તથા શિખા ચૌહાણ



દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન કોમ્પ્યુનિટી હેલ્થ નર્સિંગ વિભાગના હેડ પ્રો. ભાવિષા પટેલના માર્ગદર્શન હેઠળ કરાયુ હતુ. કાર્યક્રમના સમાપને વિદ્યાર્થીની સેજલ બારોટે આભાર દર્શન વ્યક્ત કર્યુ હતુ.

વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એમએસસીના બીજા વર્ષના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અંતર્ગત નર્સિંગ કોલેજ ખાતે આયોજિત ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને મારીયા શેરીન, દ્વિતિય સ્થાને પ્રાજગતા ગૌસ્વામી અને તૃતીય સ્થાને જિગીષા પટેલ તેમજ સુઝેન પ્રિન્સી વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં પ્રિન્સિપાલ રાજેશ રાવલ સહિત

## વાતવાતમાં

● ગાંધીનગરમાં દબાણતંત્ર દ્વારા પાકા દબાણને તોડી પાડવાનું ચાલુ કરાતાં નગરજનો ટોળે વળ્યા હતા. સેક્ટર-૧૧માં ચાલી રહેલ ડિમોલીશન કાર્યવાહીને કુતુહલવશ નિહાળવા ઉભા રહેલા એક સચિવાલય કર્મચારીના સ્કૂટરને ટ્રાફિકની ટોઈંગવાને ઉપાડી લેતા તેમને દંડ ભરવાનો વારો આવ્યો હતો.

● ડિમોલીશના કાર્યવાહી નિહાળવા એકઠાં થયેલા ટોળામાં એક યુવાનનો મોબાઈલ ધક્કો વાગવાથી નીચે પડી જતા તેનો સ્ક્રીન તુટી જવા પામ્યો હતો. બીજા એક યુવાને તેનુ બાઈક હટાવવા જતા પગ ખાડામાં ફસાતા માંડ માંડ પડતા બચ્યો હતો.

● ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ વિદેશના પ્રવાસે જવા રવાના થયાં છે. મેયર વિદેશ જતા ડેપ્યુટિ મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ કાર્યકારી મેયર તરીકેનો પદભાર સંભાળી લીધો છે.

## વૈજનાથ મહાદેવ મંદિર ખાતે રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

શ્રી વૈજનાથ માલણેશ્વર મહાદેવ મંદિર દ્વારા ૧૨મી રકતદાન શિબિરનું આયોજન તા. ૧૫ ઓગસ્ટને બુધવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સે-૨૧ ચ-૬ પાસે કરવામાં આવ્યું છે.

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગર સીવીલ હોસ્પિટલ તેમજ ગાંધીનગર જિલ્લા રેડક્રોસની ઉપસ્થિતિમાં લેવામાં આવશે. તો શિબિરમાં એકઠુ થયેલું રકત જરુરીયાત મંદોને આપવામાં આવશે. પવિત્ર શ્રાવણ માસ અને સ્વાતંત્ર પર્વ નિમિતે આયોજીત શિબિરમાં પરિવારના સભ્યો, મિત્ર વર્તુળ સાથે મોટીસંખ્યામાં આવી રકતદાન આપી-અપાવીને સહભાગી બનવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કર્યો છે.